અરવલ્લીની તાલુકા પંચાયતમાં ૨૨થી વધુ બેઠકો થવાનો અંદાજ

બેઠકો વધવાથી રાજકીય આગેવાનો આનંદમાં

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લો સાબરકાંઠાથી અલગ થયા બાદ અરવલ્લી જિલ્લા પંચાયતરાજની ચૂંટણીઓ યોજાવાની હોવાથી ત્યારે તાલુકા પંચાયતોના પણ બેઠકો વધવાની તૈયારીઓને આખરી ઓપ આપી આપી દેવાયુ હોવાની આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. અરવલ્લી જિલ્લામાં તાલુકા પંચાયતની ૨૨ થી વધારે બેઠકો વધવાની રાજકીય આગેવાનો મીટ માંડીને બેઠા છે. પરંતુ પંચાયતની વધેલી બેઠકોમાં વિસ્તારનો સમાવેશ અંગે હજુ પણ દ્વીધા અનુભવી રહ્યા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લા પંચાયત અલગ થઈ ગઈ છે. જિલ્લાનું જિલ્લા પંયત સમીકરણ ધ્યાને રાખી રાજ્ય સરકારે નવો જિલ્લો જાહેર કર્યો છે. આગામી સમયમાં અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત રાજની ચૂંટણીઓ આવી રહી હોવાથી ચૂંટમી યોજવા સીમાંકન નક્કી કરવાની તંત્રએ તડામાર તૈયારીઓ આદરી દીધી છે. તાલુકા પંચાયતની બેઠકોમાં મોટા પ્રમાણમાં વધારો થતાં સીમાંકનમાં ધરખમ ફેરફારો થશે. જેમાં એક જિલ્લા પંચાયતની બેઠક દીઠ તાલુકા પંચાયતની ૩ બેઠકો વધશે. પરિણામે જિલ્લા પંચાયતની ૮ બેઠકોમાં થયેલા વધારાથી તાલુકા પંચાયતની ૨૨ થી વધારે બેઠકો વધવાની રાજકીય આગેવાનો આશા રાખી રહ્યા છે. જિલ્લા પંચાયતની બેઠકોનો વિસ્તાર નક્કી થયા પછી તાલુકા પંચાયતની બેઠકોનો વિસ્તાર નક્કી થશે. તાલુકા પંચાયતની બેઠકોમાં વધારો થવાનો હોય પંચાયતી રાજની ચૂંટણીઓમાં ઝંપલાવવા માંગતા ઉમેદવારોની નજર જાહેર થનાર સીમાંકન પર ટકી છે. મોડાસા તાલુકા પંચાયતમાં હાલ ૧૯ બેઠકો આપેલી છે તે વધીને ૨૪ જેટલી તાલુકા પંચાયત બેઠકો થવાની શક્યતા જોવાઈ રહી છે. ત્યારે તાલુકા પંચાયતની કઈ બેઠકો વધે છે અને તેમાં કયો વિસ્તાર સમાવેશ થાય છે. આ અંગે દ્વિધા અનુભવતા રાજકારણીઓ અત્યારે તો પોતાની વોટબંક તૈયાર કરતાં ઉણેદવારો કયો વિસ્તાર કઈ બેઠકમાં સમાવેશ થશે તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા હોવાથી પોતાના મત વિસ્તારમાં મહેનત કરવાની શરૂઆત કરે અને એ વિસ્તાર બીજા તાલુકા પંચાયતની બેઠક વિસ્તારમાં જતો રહે તો મહેનત પર પાણી ફરી જાય તેવી સ્થિતિ સર્જાઈ હોવાથી રાજકીય દાવેદારો નિષ્ક્રીય થઈ ગયા છે.

ધનસુરામાં ૧૦ હજાર લોકોને સ્વાઈન ફ્લુ વિરોધક રસી અપાઈ

ધનસુરા, તા. ૫

ગુજરાતમાં સ્વાઈન ફ્લુ બેકાબુ બની રહ્યો છે. ત્યારે હરકતમાં આવેલ અરવલ્લી જિલ્લાનું આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયું છે અને જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદિક દવાખાના કર્મચારી આરોગ્ય ચકાસણીના કાર્યમાં લાગી જવા સુચન કરાતા છેલ્લા બે દિવસમાં જિલ્લામાં ૧૦ હજાર નાગરિકોને સ્વાઈન ફ્લુ વિરોધક રસી પીવડાવવામાં આવી હતી. ઉપરાંત ધનસુરા-બાયડ-મેઘરજ, માલપુર-મોડાસા સહિતના વિસ્તારોમાં ઠેર ઠેર સ્વાઈન ફ્લુ વિરોધક આયુર્વેદિક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગઢડા શામળાજીની મહિલાએ અગન પીછોડી ઓઢી

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામે બુધવારના રોજ એક મહીલાએ કોઈ કારણસર આત્મ હત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી. ખેડબ્રહ્મા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ગઢડા શામળાજી ચૌહાણ દક્ષાબેન કિશોરસિંહે કોઈ અગમ્ય કારણસર કેરોસીન છાંટી આત્મહત્યા કરી લીધી હોવાનું જણાવ્યું હતું.

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં વિકાસ પેનલનો ભવ્ય વિજય

ઊંઝા, તા. ૫

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય ચૂંટણીમાં વેપારી મત વિભાગની ચાર બેઠકો માટે યોજાયેલ ભારે રસાકસીભરી ચૂંટણીમાં બજાર સમિતિના વર્તમાન ચેરમેનની સમર્થક એવી વિકાસ પેનલના ચારેય ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે હરીફ પરિવર્તન પેનલના બે ઉમેદવારો અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડનાર એક ઉમેદવાર મળી ત્રણ ઉમેદવારોનો પરાજય થયો હતો. આ ચૂંટણીમાં વિકાસ પેનલ વિજયી થતાં સત્તાધારી પક્ષનો દબદબો યથાવત રહ્યો હતો. વિકાસ પેનલના વિજયથી વિજયી ઉમેદવારો અને તેમના સમર્થકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. જ્યારે હરીફ જૂથમાં નિરાશા વ્યાપી હતી.

વેપારીમત વિભાગની ચાર બેઠકો પર વિજયી થયેલ ઉમેદવારોમાં પટેલ વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ, પટેલ કનુભાઈ પરસોત્તમદાસ, પટેલ સીતારામભાઈ પરસોત્તમદાસ અને પટેલ હર્ષદરાય કાનજીદાસનો સમાવેશ થાય છે.

દરમિયાન બજાર સમિતિના ખેડૂત મત વિભાગના આઠ સદસ્યોની ચૂંટણી નજીકના સમયમાં યોજાશે.

મોડાસા સબજેલના કેદીનુ હિંમતનગર ખાતેની

સિવિલ હોસ્પિટલમાં મોત થતાં પરીવારજનોની તપાસની માંગ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૫

અરવલ્લી જીલ્લાની સબજેલમાં મહિલાને જીવતી સળગાવી હત્યા કરવાના ગુનામાં સજા કાપી રહેલ ૬૫ વર્ષીય પ્રૌઢનુ હિંમતનગર ખાતેની સિવિલ હોસ્પીટલમાં સંદિગ્ધ હાલતમાં સારવાર દરમ્યાન મૃત્યુ થતાં મૃતકના સગાઓ ધ્વારા આ મોત અંગે ન્યાયીક તપાસ થાય તે માટે અરવલ્લી જીલ્લાના અધિકા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના હેલોદર ગામની એક મહિલાને કોઈ કારણોસર થોડાક અરસા અગાઉ જીવતી સળગાવી મારવાના કેસમાં મોડાસા સબજેલમાં સજા કાપી રહેલા મુળાભાઈ ધુળાભાઈ ચમાર (ઉ.વર્ષ ૬૫) નુ મોત નીપજયુ હતુ. આ કેદીને મોડાસા સાર્વજનીક હોસ્પીટલ અને હિંમતનગર સીવીલ હોસ્પીટલ માં સારવાર અર્થે લઈ જવાયો હતો. ત્યારે હોસ્પીટલના તબીબોએ આ કેદી મૃત હાલતમાં જ હોસ્પીટલમાં લવાયો હોવાનુ જણાવ્યુ હતુ. જયારે આ મામલે મોડાસા સબજેલના સત્તાવાળાઓએ આ અંગે કોઈપણ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. આ મામલે મૃતકના મોત અંગે પરીવારજનોએ શંકા વ્યકત કરી તંત્ર સામે આક્ષેપ કરી મૃતકના મોત અંગે ન્યાયીક તપાસ કરવા માટે માંગ કરી અરવલ્લી જીલ્લાના અધિક કલેકટર એ. બી. પટેલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

છેલ્લા એક વર્ષ થી મોડાસા સબજેલ માં સજા કાપી રહેલા મુળજીભાઈ નુ મોત શંકાસ્પદ સંજોગો માં મોત નીપજયુ હતુ ત્યારે આ મોત અુગે પરીવાર જનો એ શંકા વ્યકત કરી આ મામલામાં જેલ સત્તાવાળાઓ એ કેદી મુળજીભાઈ બીમાર હતા પરંતુ જેલસત્તાવાળાઓ એ તેમની સમયસર સારવાર ન કરાવી અને ઓુ જો તેઓ બીમાર હોય તો કેદી ના પરીવારજનો ને જવાણ કેમ ન કરી ??? તે બાબતે ન્યાયીક તપાસ કરી યોગ્ય કરવા માટે અરવલ્લી જીલ્લા કલેકટર નેઆવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

મેઘરજના બાદર તરાર ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લા એલ.સી.બી.ની ટીમે આજે બાતમીના આધારે મેઘરજ તાલુકાના બાદર તરાર ગામે ઘઉંના ખેતરમાં દરોડો પાડ્યો હતો. ખેતરમાં થુપાવેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જો કે આરોપી બુટલેગર ફરાર થઈ ગયો હતો.

મેઘરજ તાલુકાના બાદર તરાર છાપરા ખાતે રહેતા રતન કદમસિંહ બિહોલાએ નજીકના ઘઉંના ખેતરમાં જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો હોવાની બાતમી અરવલ્લી જિલ્લા એલસીબીના પી.આઈ. પી.કે. પટેલને મળી હતી. આથી પી.આઈ.ની ટીમે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને ખેતરમાં છુપાવેલ કુલ રૂ. ૩૬,૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જ્યારે આરોપી બુટલેગર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ સંદર્ભે એલ.સી.બી.એ ઈસરી પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ફરાર બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

રાજેન્દ્રનગર ચોકડી પાસે કારની ટકકરે બે બાઈકસવાર ફંગોળાયા

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં સમાવેશ રાજેન્દ્રનગર ગામની ચોકડી અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં અકસ્માત ઝોન તરકે જાણીતી છે. નેશનલ હાઈવે નં. ૮ હિંમતનગર-શામળાજી પર આવેલી રાજેન્દ્રનગર ચોકડીએ અરવલ્લી જિલ્લાના પ્રજાજનો માટે આફત સમાન ગણવામાં આવે છે. નેશનલ હાઈવે હોવાથી અહીંથી પસાર થતા વાહનોની સ્પીડ ખૂબ જ વધારે હોવાથી અહીં છાશવારે અકસ્માત થવાની ઘટના બને છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા રાજેન્દ્રનગર ચોકડી પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત થતા બે બાઈક સવાર ઈજાગ્રસ્ત થયા હતા. ગુરુવારના બપોરના સમયે વાંટા રામપુર ગામના પરતબતભાઈ અને તેમના મિત્ર દલપતભાઈ (રહે. જવાનપુર) પોતાની નવી હોન્ડા ડીલક્ષ બાઈક લઈ હિંમતનગર બાજુથી પોતાના વતન તરફ આવતા હતા ત્યારે રાજેન્દ્રનગર ચોકડી પર તેમને પોતાના કબ્જા હેઠળનું બાઈક અચાનક મોડાસા બાજુ વાળી લેતાં પાછળથી પુર ઝડપે આવતી ફોર્ડ કાર એ ટકકર મારતાં બંને બાઈક સવાર હવામાં ફંગોળાઈ રોડ પટકાયા હતા. બાઈકને ટકકર વાગતાં કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. ઘટનાની જાણ થતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. અને ૧૦૮ બોલાવી ઈજાગ્રસ્ત બંને બાઈક સવારોને પ્રાથમિક સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. બંને બાઈક ચાલકોને ઈજાઓ ગંભીર ન જણાતાં સગા સંબંધીઓએ રાહતના શ્વાસ લીધા હતા.

શામળાજી પોલીસની સતર્કતાથી ૬ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૫

શામળાજી પોલીસ સ્ટેશનના પી.એશ.આઈ. એ.કે. વાળા અને પોલીસ સ્ટાફ સાથે રતનપુર ચેકપોસ્ટ પર હોળીનો તહેવાર નજીક આવતો હોવાથી રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે આજે સવારે ૯ કલાકે વગર પાસપરમીટે કન્ટેનર ચાલક દ્વારા ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવાના ફીરાકમાં હતા ત્યારે શામળાજી પોલીસ સ્ટેશનના હે.કો. અભેસિંહ ઉદેસિંહ કન્ટેનરને ગાડી નં. ડીએલઆઈજીસી-૧૨૯૬ ઉભુ રાખી તપાસ હાથ ધરતાં કન્ટેનરમાં છુપાયેલી રાખેલો વિદેશી દારૂ તથા બિયરની જુદી જુદી બ્રાન્ડની પેટીઓ નંગ ૧૭૦ કુલ બોટલ ટીન નંગ ૪૨૦૦ ની કિં. રૂ. ૬૮૭૦૦૦ તથા કન્ટેનર ગાડીની કિંમત રૂ. ૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ રૂ. ૫૦૦ મળી કુલ કિ. રૂ. ૧૬,૮૭,૫૦૦ નો મુદ્દામાલ ઝડપી કન્ટેનર ચાલક સુરેશકુમાર સાહબસીંગ જાટ (રહે. હુલાસી, હરિયાણા)ને ગુજરાતમાંવિદેશી દારૂ ઘુસાડવાના પ્રયત્નમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરગઢકંપા નજીકથી ખેતમજૂરનો બિનવારસી મૃતદેહ મળ્યો

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા અમરગઢ કંપામાંથી ખેતમજૂર તરીકે રહેતા અને આજુબાજુના ખેતરમાલિકોને ત્યાં ભાગીયા તરીકે જીવન ગુજારતા યુવાનનો આજે વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ બિનવારસી હાલતમાં મૃદેહ મળી આવતાં ખેતમજૂર પરિવાર પર આભ તૂટી પડયું હતું.

ધનસુરા તાલુકાના અમરગઢકંપામાં ખેતમજૂર તરીકે જીવનનિર્વાહ ચલાવતા ચંદુભાઈ રામાભાઈ નાયકનો પુત્ર ગઈ કાલે સાંજથી અગમ્ય કારણોસર ગૂમ થતાં મરણજનાર પિતા અને સગાસંબંધીઓએ શોધખોળ હાથ ધરતા અમરગઢ કંપાની સીમમાંથી મૃતક મથુરભાઈ ચંદુભાઈ નાયક

ઉ.વ. ૨૨ મુ. લબોદ તા. સંખેડા જી. વડોદરાનો મૃતદેહ ખેતરમાંથી મળી આવ્યો હતો. આ અંગેની જાણ ધનસુરા પોલીસ સ્ટેશનને કરાતાં ધનસુરા પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. અને પોલિસ સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જઈ મૃતદેહને પીએમ કરવા ધનસુરા રેફરલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જયારે ધનસુરા પોલિસ સ્ટેશનમાં મૃતક યુવાનના પિતાની ફરિયાદ નોંધી મૃતકનું કયા કારણોસર મોત નિપજયું છે તે જાણવા ચકો ગતિમાન કર્યા છે.

મોડાસામાં મહિલાઓના પ્રશ્નો બાબતે જાગૃતા અને યુવાનોની ભૂમિકા વિષય પર સેમિનાર યોજાયો

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ધી.મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત કે.એ. મોદી એમ.એ.એસ.ડબલ્યુ કોલેજ અને જેન્ડર રિસોર્સ સેન્ટર અમદાવાદના સંયુકત ઉપક્રમે મહિલાઓના પ્રશ્નો બાબતે જાગૃતિ લાવવામાં યુવાનોની ભૂમિકા વિષય પર નિષ્ણાંતોએ સમાજકાર્ય અને વિદ્યાર્થીઓને પોતાના અનુભવી પ્રેરક જ્ઞાન આપ્યું હતું.

મોડાસાની એમ.એ.એસ. ડબલ્યુ કોલેજમાં આજ રોજ મહિલાઓના પ્રશ્નો બાબતે અને સમાજમાં જાગૃતિ લાવવા માટે યુવાનોએ એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે મંડળના પ્રમુખ અરુણભાઈ શાહ, ઉપપ્રમુખ અરવિંદભાઈ મોદી એ મુખ્ય મહેમાન અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા અને અમદાવાદથી અવાજ સંસ્થાના સરલાબેન બલ્દીવાલા પધારેલ હતા. ત્યારે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય કરી મહેમાનોને શાલ ઓઢાડી સન્માન કરી કરાયું હતું. અમદાવાદથી આવેલ વકતાઓએ મહિલાઓ ઉપર થતી હિંસાના પ્રકારો અને તેની મહિલાઓના વિકાસ ઉપર થતી અસરો વિશે જ્ઞાન આપ્યું હતું. જયારે બીજી તરફ પોલીસ વડાએ મહિલા ઉપર થતી હિંસાના કાયદાકીય જોગવાઈઓ ઉપર સમજ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રિન્સીપાલ રાકેશ પ્રજાપતિ અને સમસ્ત એમ.એ.એસ. ડબલ્યુ કોલેજ પરીવાર અને વિદ્યાર્થીગણ અને જેન્ડર રિસોર્સ મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાતે જહેમત ઉઠાવી હતી.

ડીસામાં માર્કેટ યાર્ડ પાસેનો હાઈ-વે અકસ્માત ઝોન બન્યો

ડીસા, તા.૫

ડીસાના મુખ્ય પ્રવેશદ્વારો પાસેથી પસાર થતા હાઈ-વે રોડ પર ઉંચા સ્પીડ બ્રેકરોના અભાવે અહીં છાશવારે ધસમસતા વાહનો દ્વારા જીવલેણ અકસ્માતો કરાય છે અને નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાય છે ત્યારે બનેલા વધુ એક અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર યુવક કારની ટકકરે ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આ અંગેની મળતી વિગતો મુજબ ડીસામાં માર્કેટ યાર્ડ નજીક આજ રોજ ખુશાલભાઈ જેણાભાઈ માળી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી જ રોંગ સાઈડમાંથી બેફામ ગતિએ રાજસ્થાન પાસીંગની જીપ લઈ આવતાચાલકે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ ચાલકને જોરદાર ટકકર મારી હતી. આથી બાઈક ચાલક માર્ગ પર પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા માર્કેટયાર્ડ ત્રણ રસ્તા યોગ્ય સ્પીડ બ્રેકરોને લીધે અકસ્માત ઝોન બની ગયો છે. છેલ્લા ૨ વર્ષમાં ૧ પથી વધુ લોકો અકસ્માતમાં માર્યા ગયા છે આથી તંત્ર સત્વરે સ્પીડ બ્રેકરો નાંખે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

મોડાસા બાયપાસ રોડ પરથી બે ટ્રકોની ઉઠાંતરી

(જીતેન્દ્ર પટેલ) મોડાસા તા.૫

મોડાસા બાયપાસ માર્ગ નજીક આવેલ દેવરાજ ફલેટના કમ્પાઉન્ડ પ્લોટમાં પાર્ક કરાયેલ બે હાઈવા ટ્રકોની ઉઠાંતરી કરી લેવાતા ચકચાર મચી ગઈ હતી.

મોડાસા નગરના માલપુર રોડ બાયપાસ ચોકડી વિસ્તાર માં આવેલ દેવરાજ ફલેટમાં યતીન હસમુખભાઈ પટેલ વસવાટ કરે છે.

બીલ્ડીગ મટીરીયલ્સના વ્યવસાય સાથે સંકળાયેલ મૂળ કડીના કોન્ટ્રાકટર ગત મંગળવારના રોજ તેઓની બે હાઈવા ટ્રક અને ડમ્પર ફલેટના કોમન પ્લોટમાં પાર્ક કર્યા હતા. બુધવારના રોજ સવારે જયારે તેઓએ તેમના ફલેટની બારીમાંથી પોતાના વાહનો જોવા નજર નાખી ત્યારે ડમ્પર ન જોવા મળતાં જ તેઓએ નીચે દોટ મુકી હતી અને સ્થળ ઉપર આવી તપાસ કરતાં પાર્ક કરેલ બે હાઈવા ટ્રકની ચોરી થઈ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. ઉઠાંતરી કરેલ હાઈવા ટ્રક નંબર જીજે ૨ વીવી ૭૯૨ અને જીજે વીવી ૨૫૯૬ આ બન્ને વાહનો ચોરાઈ જતા યતીનભાઈ હસમુખભાઈ પટેલની ફરીયાદના અધારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ગુનો નોધી આગળની કાર્યવાહી હાગ્થ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦